R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 10 DATE: 05-03-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

નાણાંમંત્રી અરુણ જેટલીએ એનડીએ સરકારનું સંસદમાં ૨૦૧૬-૧૭નું બજેટ રજુ કર્યું

૨૦૧૬-૧૭નું કેન્દ્ર સરકારનું નાણાંકીય બજેટ નાણાંમંત્રી અરુણ જેટલીએ સંસદમાં રજુ કર્યુ હતું.લોકોને સરકાર પાસેથી જે અપેક્ષા હતી તેવું આ બજેટમાં કશું દેખાયું નથી.ગરીબ અને મધ્યમવર્ગ ને પોતાના હિતમાં સરકાર પાસેથી અચ્છેદિન આવવા માટેની ઘણી ઉંચી અપેક્ષાઓ હતી તે બર આવી નથી.

જો કે સરકારે પોતાનું બજેટ ખેડુતલક્ષી બતાવી પોતાની ઉજળી બાજુ બતાવવા પ્રયત્ન કર્યો હતો.પરંતુ સરકાર બજેટથી કેટલી સફળ થાય છે તે જોવાનું રહ્યું. હજુ જુના બજેટમાં કરાયેલા વાયદાઓ પુર્ણ થયા નથી ત્યાં નવા વાયદાઓ કેવી રીતે પુર્ણ થશે તે સમજમાં આવતું નથી.કેટલોક એવો વર્ગ પણ છે કે સરકારની સારી કે ખોટી તમામ બાબતો પ્રત્યે તેમની વફાદારીભર્યો વર્તાવ કરતો હોય છે અને તેમને આ બજેટ આઝાદી બાદનું સર્વશ્રેષ્ઠ બજેટ લાગી રહ્યું છે.

બજેટમાં આડકતરી રીતે કરવેરા નખાયા છે જે મધ્યમવર્ગ અને ગરીબીની ચક્કીમાં પીસાતા લોકો માટે વધુ તકલીફો લાવશે.ભાવ વધારાથી પરેશાન લોકો માટે હજુ પણ ભાવ વધારો રોકાવાનો કોઇ ઈલાજ સરકારે કર્યો નથી.

અમેરિકનોની રોજગારી છીનવાઇ જવા પાછળ ભારતીયોને જવાબદાર ઠેરવતા ટ્રમ્પ

અમેરીકાની પ્રમુખપદની ચુંટણીના રિપબ્લીકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ફરીને એક વાર ભારતીયો પર ટીપ્પણી કરી હતી.ટ્રમ્પે કહ્યુ હતું કે ભારતીયો જ અમેરિકનોની નોકરીઓ છીનવી રહ્યા છે.જો હું પ્રમુખ તરીકે ચુંટાઇશ તો તમને તમારી નોકરીઓ પાછી અપાવીશ.હાલ ટ્રમ્પના ભાષણોમાં હજારો લોકો ઉમટી રહ્યા છે. અમેરિકન પ્રમુખપદની ચુંટણીના વિશ્લેષકો કહે છે કે ટ્રમ્પ એક બિઝનેસમેન છે અને આવો બફાટ કરીને સસ્તી લોકપ્રિયતા હાંસલ કરી રહ્યા છે.તેમના માટે અમેરિકન પ્રમુખની મંજિલ હજુ ઘણી દુર છે.જો કે આ પ્રકારના નિવેદનોથી તેમને કેટલો ફાયદો થશે એ તો ચુંટણીના પરિણામો પછી જ ખબર પડશે.

કોલંબિયામાં આશરે પાંચેક હજાર લોકોની મેદનીને સંબોધન કરતાં ટ્રમ્પે કહ્યુ હતું કે હું અમેરિકાને ફરી એકવાર મહાન બનાવવા માંગુ છું.હું તમને ભારતીયો,જાપાનીઓ,ચાઈનીઝો અને મેક્સિકનોને છીનવી લીધેલી રોજગારી પાછી અપાવીશ.હું અમેરિકા અને મેકસિકોની સરહદે એક લાંબી દિવાલ પણ બંધાવીશ, જેથી ગેરકાયદે ઘુસણખોરી અટકાવવામાં મદદ મળી શકે.હું ઈસ્લામિક સ્ટેટનો પણ ખાત્મો કરવા ઈચ્છુક છું.અમેરિકાના ઘણા ભારતીય અમેરિકનો જુદા જૂદા કારણોસર ટ્રમ્પના ટેકેદારો છે.કેટલાકનું માનવું છે કે ટ્રમ્પ અમેરિકનોને સુરક્ષા અપાવશે.જો કે આઈટી ક્ષેત્રે કામ કરતાં અનેક લોકો વૈવિધ્યતાની તરફેણ કરે છે. અને એટલે જ તેઓ ટ્રમ્પના વિરોધી છે.અમેરિકા અન્ય દેશોમાંથી આઉટ સોર્સીંગ કરે છે.એટલે અમેરિકનોની રોજગારી છીનવાઇ જાય છે.એ અધુરુ સત્ય છે. કારણકે અમેરિકા ઓછા ખર્ચે કામ કરાવવાની લાલચમાં જ આઉટ સોર્સિંગ કરાવે છે. હાલ ટ્રમ્પ ૧૧માંથી દસ સ્ટેટમાં ડેમોક્રેટિક ઉમેદવાર હિલેરી ક્લિન્ટનથી આગળ છે.ખાસ કરીને ટેકસાસમાં તેઓ ટેડ ક્રુઝથી આગળ નીકળી ગયા છે.ક્રુઝ ટેકસાસના રિપબ્લીકન સેનેટર છે.આમ રિપબ્લીકનની આંતરીક ચુંટણીમાં ટ્રમ્પે ક્રુઝનો સામનો કરવાનો છે.

રેલ્વે બજેટમાં વાયદાનો વેપાર કરી લોકોને હથેળીમાં સુવિધાનો ચાંદ બતાવાયો

યાત્રી સુવિધાઓ અને સુરક્ષાને મુખ્ય લક્ષાંક બનાવીને રેલ પ્રધાન સુરેશ પ્રભુએ મુખ્યત્વે મહિલાઓ,યુવાઓ,બાળકો,સિનિયર સિટીઝન,દિવ્યાંગ અને આમ આદમીને અનેક સુવિધાઓ આપતા વાયદાઓનો કર્યા છે.દેશવાસીઓને અચ્છે દિનનો વાયદો કર્યો છે.ગયા વર્ષના રેલ બજેટમાં આપેલાં વચનો પુરા કરવામાં સફળ થયા નથી ત્યાં નવા વચનોને નક્કર સ્વરુપ ક્યારે આપી શકાશે તે એક મોટો સવાલ છે.સમીક્ષકો અને વિપક્ષોએ પ્રભુના બજેટને વાયદાની ભરમાર ધરાવતું દિશાવિહિન બજેટ ગણાવ્યું હતું.

રેલવેમાં સુરક્ષાના મુદ્દે કેટલીક એવી ટ્રેઈનો છે જ્યાં દૈનિક મુસાફરી કરનારાઓની ગુંડાગીરી એટલી હદે છે કે સામાન્ય નાગરિક તેમાં સફર કરવા ઇચ્છતો નથી.તેમજ સુરક્ષા કર્મીઓ દૈનિક પાસધારકોની દાદાગીરી સામે કશું જ કરી શકતા નથી. મહિલાઓની દુદર્શા થાય છે.તો પછી સુવિધાઓની વાત ક્યાં છે?

૨૧મી સદીની જરુરીયાતને પહોચી વળવા ઇન્ડીયન પીનલ કોડની વ્યાપક સમીક્ષા જરૂરી : રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી

દેશભરમાં ચાલી રહેલ દેશદ્રોહ પરની ચર્ચા મધ્યે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ ૨૧મી સદીની જરુરીયાતોને પહોચી વળવા ઈન્ડીયન પીનલ કોડ(આઇપીસી)ની વ્યાપક સમીક્ષાનું સુચન કર્યું હતું.આઇપીસીના ૧૫૫ વર્ષના ઉપક્રમે કોચી ખાતે આયોજિત સમારંભમાં રાષ્ટ્રપતિએ જણાવ્યુ હતું કે છેલ્લા ૧૫૫ વર્ષમાં આઇપીસીમાં નજીવા બદલાવ કરાયા છે. બહુ ઓછા અપરાધોને ગુનાની યાદીમાં સમાવી સજાપાત્ર બનાવાયા છે.તેમણે કહ્યું હતું કે આજે પણ આઇપીસીમાં સંસ્થાનવાદની જરૂરીયાતોને પહોચી વળવા બ્રિટીશરો દ્વારા કરાયેલી જોગવાઇઓ અસ્તિત્વ ધરાવે છે.એવા ઘણા અપરાધો છે જેમની યોગ્ય વ્યાખ્યા કરવા અને આઇપીસીની જોગવાઇઓમાં સમાવાની જરુર છે.ફોજદારી કાયદા માટેની જોગવાઇઓ કાયદાનું આધુનિક સ્વરુપ ભલે હોય પરંતુ ૨૧મી સદીની જરુરીયાતોને પહોચી વળવા આઇપીસીની વ્યાપક સમીક્ષા જરુરી બની છે.તાજેતરમાં જેએનયુના વિદ્યાર્થીઓ પર દેશવિરોધી નારા પોકારવા માટે દેશદ્રોહનો ગુનો દાખલ કરાયો છે.જેને પગલે દેશદ્રોહની વ્યાખ્યા પર સમગ્ર દેશમાં ચર્ચા છેડાઇ છે.દેશદ્રોહીઓ સામે કામ ચલાવવા માટેની આઇપીસીની ધારા ૧૨૪એ નાબુદ કરવા અથવા તો તેમાં ધરમુળથી ફેરફાર કરવાની માંગ થઇ છે.

ઇશરત કેસમાં બીજું સોગંદનામુ નિર્વાદપણે સાચુ હતું : ચિદમ્બરમ

માજી કેન્દ્રીય ગૃહમંત્રી પી.ચિદમ્બરમે કહ્યું હતું કે પ્રથમ સોગંદનામુ અસ્પષ્ટ હતું એટલે તે સુધારવાની પોતાની ફરજ હતી તેવું તેમણે તેમની પર મુકાયેલા આક્ષેપોના જવાબમાં જણાવ્યું હતું.

પુર્વ ગૃહ સચિવ પિલ્લાઇએ ઇશરત કેસમાં પુર્વ ગૃહમંત્રી ચિદમ્બરમે સરકારી સોગંદનામુ ફેરવી નાંખ્યાના કરેલા આક્ષેપ બાદ ચિદમ્બરમે સ્પષ્ટતા કરી હતી કે ઇશરત એન્કાઉન્ટર કેસમાં બીજી વાર કરેલું સોગંદનામું નિર્વાદપણે સાચુ હતું અને પોતે તેની જવાબદારી લે છે.પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના આક્ષેપોને ફગાવતા તેમણે જણાવ્યુ હતું કે પુર્વ ગૃહ સચિવ પિલ્લાઇ સોગંદનામુ ફેરવવામાં સરખા જવાબદાર છે તે પોતે જ આક્ષેપ કરે તે કમનસીબ બાબત છે.અફઝલ ગુરુને ફાંસી સાથે સંમતિ દર્શાવતા તેમણે કહ્યું હતું કે પોતે પોતાની સરકારથી જુદો મત ધરાવી શકે નહી.

ઇશરત કેસના સોગંદનામા વિશે વધુ જણાવતાં તેમણે કહ્યુ હતું કે પ્રથમ સોગંદનામુ અસ્પષ્ટ હતું અને પોતાની મંજુરી વિના બનાવાયેલું તે સુધારીને સાચુ કરવું તે તેમની ફરજ હતી.ગૃહસચિવ,ઇન્ટેલીજન્સ બ્યુરો અને અન્ય અધિકારીઓ સાથે ચર્ચા કર્યા પછી જ બીજુ સોગંદનામું બનાવવામાં આવ્યું હતું.પ્રથમ સોગંદનામામાં સરકારે કરેલા દાવાને કોઇ પુરાવા નહોતા અને સરકાર પુરાવા વિના કોઇ વાત સોગંદનામામાં જણાવી શકે નહીં.ગૃહમંત્રાલયે તમામ ફાઇલો જોવા માંગી છે તેમ જણાવતાં તેમણે કહ્યુ હતું કે તેઓ તે તપાસી શકે છે.

એક બાબત નિવિર્વાદ જોવા મળે છે કે કોંગ્રેસ પક્ષના કેટલાક સીનીયર નેતાઓને ભાજપ દ્વારા ટાર્ગેટ કરીને તેઓને કેસોમાં બીઝી કરી દેવાની ચાલ રમાઇ રહી છે. જેથી ભાજપની નબળાઇઓ સામે આવા નેતાઓ ભાજપના ગ્રાફને વધુ નીચો લઇ જઇ શકે.લોકસભાની ચુંટણીઓ બાદ ભાજપનો ગ્રાફ સતત નીચે જતો ગયો છે.

ગરવી નવક્રાન્તિ સામાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

ગરવી નવક્રાંતિ

ઈશરત જહાં બોગસ એન્કાઉન્ટર કેસ હાલમાં રાજકીય વાતાવરણને ગરમ કરેલ છે.સત્તાધારી પક્ષ તરફથી ઈશરત જહાંને આતંકવાદી ચિતરીને તેનું એન્કાઉન્ટર સાચુ હતું તેવું સાબિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.જ્યારે જે તે વખતના કોર્ટ દ્વારા નિમાયેલ સીટના પોલીસ અધિકારી દ્વારા સમગ્ર ઘટના ઉપજાવી કાઢેલી અને બોગસ એન્કાઉન્ટર નહીં પરતું મર્ડર તરીકે ખપાવવામાં આવે છે.દરેક બાજુએ કોઈને કોઈ શંકા પડતી બાબતો ઉભી થયેલ છે. સત્તા પક્ષને બોગસ એન્કાઉન્ટરમાં સંડોવાયેલ તમામ પોલીસ અધિકારીઓ અને રાજકીય નેતાઓને ક્લીન ચીટ આપવા માટે આ બોગસ એન્કાઉન્ટર નહોતું તેવું સાબિત કરવું છે. જેથી તત્કાલીક મુખ્યમંત્રી,ગૃહમંત્રી અને જેલવાસ ભોગવી ચુકેલા અનેક પોલીસ ઓફિસરોને નિર્દોષ સાબિત કરી શકાય.રાજકીય રમતો ગંદા કાવાદાવાઓ શરુ થઈ ચુક્યા છે.હવે રાજકીય ગરમાવો શું રંગ લાવે તે જોવાનું રહેશે.

બજેટમાં જે અપેક્ષાઓ હતી તે મુજબ અચ્છે દિન બાબતે લોકોને કશું પ્રાપ્ત થયું નથી. મધ્યમવર્ગીય નોકરીયાત વર્ગ પાસેથી તો તેમની બચત ઉપર પણ સરકારે કર લેવાનું વિચારીને જે રીતે ટેક્સ લેવાનુ ઠોકી બેસાડ્યું છે.તેના પર કારણે લોકોમાં સરકાર પ્રત્યેની શ્રધ્ધા ડગુમગુ થવા લાગી છે.ખેર,બજેટની બાબતો ઉપર હજુ કંઈ વિચાર કરીને પ્રતિસાદ મળે તે પહેલાં લોકોના માનસ પર ઈશરત જહાં બોગસ એન્કાઉન્ટરનો હાઉ ઊભો કરીને લોકોનું ધ્યાન અન્ય રીતે કેન્દ્રીત કરવાની ચાલ હમણાં તો કામયાબ નીવડી છે.

લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષોનો આરોપ કે સરકાર લોકતંત્રને કચડે છે

સંસદના બેઉ ગૃહો લોકસભા અને રાજ્યસભામાં કામકાજ દરમિયાન જેએનયુના મુદ્દે અને દલિત વિદ્યાર્થીના મુદ્દા પર ગૃહની કાર્યવાહી ઠપ્પ રહી હતી.વિપક્ષોએ સરકાર પર આ બેઉ મુદ્દે વિદ્યાર્થીઓનો અવાજ રૂંધી નાખવાનો અને લોકતંત્રના સિધ્ધાંન્તોને કુરતાપુર્વક કચડી નાંખવાનો આક્ષેપ કર્યો હતો.જો કે ભાજપે આ આક્ષેપો નકારી કાઢ્યા હતા. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનો દોર ચાલુ રહ્યો હતો.સરકાર રાષ્ટભક્તિનું ગાણુ ચાલુ રાખી દેશદ્રોહનો મુદ્દે વિપક્ષોને ઘેર્યા હતા.જો કે પ્રજા સમજી ચુકી છે કે સત્તા માટેનું રાજકારણ પ્રજાના પ્રશ્નો કરતાં વધુ પ્રાયોરીટીમાં છે.

વિપક્ષોના આક્ષેપોથી ચિડાયેલા મંત્રીએ જણાવ્યુ હતું કે અમેઠીમાં ચુંટણી લડવાની સજા મને મળી છે.તેથી મને શુળીએ ચઢાવાઈ રહી છે.માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીએ આ બાબતને પર્સનલ બનાવવા માટે પડકાર ફેક્યો હતો.તેમજ આક્ષેપો સાબિત થાય તો રાજકારણ છોડી દેવાની વાત પણ કહી હતી.જો કે માયાવતી સાથે મંત્રીશ્રીની ચકમક ઝરી હતી. તેથી સંસદમાં સાસુ વહુ જેવું નાટક જોવા મળ્યું હતું.

મારા સ્વપ્નનું ભારત

આપણા પાંત્રીસ કરોડને અન્ન આપે એટલી જમીન આપણા દેશમાં નથી એમ નથી. હિંદુસ્થાનમાં વસ્તી હદબહાર વધી ગઈ છે ને તેથી વધારાની વસતીએ મરી જવું જોઈએ, એમ કહેવું એ હસવા જેવી વાત છે. મારી ખાતરી છે કે જેટલી જમીન છે તેટલી બધીનો જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે અને એમાંથી ઉપજાવી શકાય એટલા પાક ઉપજાવવામાં આવે તો તેથી આખી વસ્તીનું પોષણ થાય.માત્ર આપણે ઉદ્યોગી થવું જોઈએ, ને જ્યાં આજે ઘાસનું એક તરણું ઉગે છે ત્યાં બે ઉગાડવા જોઈએ.

ઈન્ડીયા ઓફ માય ડ્રીમ : એમ.કે ગાંધીમાંથી સાભાર

પ્રેષક : ફાધર વિલિયમ (રિશ્તા)

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૧૦૫૦૦	અર્ધુ પાન	૩.૫૦૦૦
૧/૪ પાન	૩.૨૫૦૦	૧/૮ પાન	૩.૧૦૦૦
વાર્ષિક પેનલ	૩.૭૨૦૦	માસિક પેનલ	૩.૧૦૦૦

ટચુકડી જાહેરાત ૩.૫૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

એનડીએના શાસનમાં કોમી હિંસા ઘટી હોવાનો દાવો પોકળ,મહારાષ્ટ્ર સહિત દેશમાં કોમી હિંસા વધી

એનડીએના શાસનકાળ દરમિયાન કોમી હિંસા ઘટી હોવાનો દાવો પોકળ સાબિત થયો છે.ઉત્તરપ્રદેશ,મહારાષ્ટ્ર એ કર્ણાટકમં અગાઉના વર્ષની તુલનામાં ૨૦૧૫માં કોમી હિંસામાં લગભગ ૧૭ ટકાનો વધારો નોધાયો છે.આ ત્રણ રાજ્યોમાં કોમી હિંસાના સૌથી વધારે બનાવો નોધાયા છે.૨૦૧૪માં કોમી હિંસાના ૬૪૪ બનાવોની તુલનામાં ૨૦૧૫માં ૭૫૧ બનાવ નોધાયા છે.આવી હિંસામાં મૃત્યુનું પ્રમાણ ૯૫ થી વધીને ૯૭ થયું છે.જ્યારે ઈજાગ્રસ્તોની સંખ્યા ૧૯૨૧થી વધીને ૨૨૬૪ જેટલી થઈ છે.

સરકારે સંસદમાં સત્તાવાર રીતે કરેલા સ્વીકારને લીધે ગૃહમંત્રાલયે કરેલી દલીલો કોમી હિંસા ઘટી છે તેનો છેદ ઉડી જાય છે.ગૃહરાજ્યમંત્રી કિરણ રજજુએ ગયા ડિસેમ્બરમાં લોકસભામાં જણાવ્યુ હતું કે એનડીએ સત્તા પર આવ્યા બાદ કોમી હિંસામાં ઘટાડો નોધાયો છે.

ઈટીએ જાન્યુઆરી ૨૦૧૬માં એનડીએના શાસનના ૨૦ મહિનાના કાર્યકાળના આંકડાની તુલના યુપીએના સમયગાળાના છેલ્લા ૨૦ મહિનાના આંકડા સાથે સરખાવી હતી. રસપ્રદ બાબત એ છે કે બંને સમયગાળા દરમિયાન કોમી હિંસાના ૧૨૨૨ બનાવ નોધાયા હતા. વર્ષ ૨૦૧૩માં યુપીએના કાર્યકાળ દરમિયાન હિંસાના બનાવોમાં નોધપાત્ર વધારો થયો હતો જેમાં મુઝફરપુરનગરના રમખાણો હતા. જેના લીધે ઉત્તરપ્રદેશમાં વર્ષ દરમિયાન કોમી હિંસાના ૨૪૭ બનાવ નોધાયા હતા.

ઉત્તરપ્રદેશના સમાજવાદી પક્ષે આ રમખાણો માટે ભાજપના નેતાઓને દોષિત ઠેરવ્યા હતા.

વર્ષ ૨૦૧૪માં કોમી રમખાણોમાં ઈજા પામેલાઓની સંખ્યા ૨૨૬૪ હતી.વર્ષ ૨૦૧૩માં કોમી હિંસામાં ઈજા પામેલા લોકોની સંખ્યા ૨૨૬૯ હતી.તેમ આંકડાઓમાં જણાવાયુ હતું.

ભારત ધાર્મિક હિંસાની ઘટનાઓ રોકવામાં નિષ્ફળ ગયું છે : એમનેસ્ટી ઇન્ટરનેશનલ

માનવ અધિકાર સંસ્થા એમનેસ્ટી ઈન્ટરનેશનલે ભારતમાં પત્રકારો,લેખકો,કલાકારો અને માનવઅધિકાર કાર્યકર્તાઓ પર હુમલાનું કારણ બની રહેલ વધતી અસહિષ્ણુતાની નિંદા કરતાં કહ્યું છે કે ભારતમાં તંત્ર ધાર્મિક હિંસાની ઘટનાઓ રોકવામાં નિષ્ફળ ગયું છે.અને ઘણીવાર ભાષણો દ્વારા ધ્રુવીકરણ કરીને તણાવ વધારવામાં આવ્યો છે.આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થા એમનેસ્ટી ઈન્ટરનેશનલે વર્ષ ૨૦૧૫-૧૬ માટેના પોતાની રિપોર્ટમાં વિશ્વભરમાં સ્વતંત્રતા હનન અને અનેક સરકારો દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદાને મરજી મુજબ તોડવા મરોડવામાં આવે છે તેના વિરુધ્ધ ચેતવણી આપવામાં આવી છે.તેમાં ભારતમાં સ્વતંત્રતાના મુખ્ય પાસાઓ પર આકરા પ્રહારો સામેલ છે.ભારતમાં વધતી જતી અસહિષ્ણુતાના કારણે ભારતમાં ઘણા કલાકારો,વૈજ્ઞાનિકો અને લેખકોએ પોતાના રાષ્ટ્રીય સન્માન પરત કર્યા હતા.તેમાં એવુ પણ જણાવાયું હતું કે સરકારી નીતિઓની ટીકાકાર સામાજિક સંગઠનો સામે તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી તે ઉપરાંત વિદેશથી આવતાં ભંડોળ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો.ધાર્મિક તણાવ વધી ગયો તથા લિંગ અને જાતિના આધારે ભેદભાવ અને હિંસા વધવા લાગ્યા.એમનેસ્ટી ઈન્ટરનેશનલના કાર્યકારી નિર્દેશકે જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૧૫માં ભારતમાં માનવઅધિકારો પર અનેક પ્રહાર થતા જોવા મળ્યા

આરક્ષણના બાબત સરકારો માટે મુસીબત બની ગયું છે

અનામત મેળવવા માટે માંગણી કરતા પાટીદારો હોય કે ગુર્જરો હોય કે પછી જાટ જાતિના લોકો હોય,પરંતુ તેનાથી સ્થિતિ દિવસે દિવસે ગંભીર બની જઈ રહી છે. અનામતની માંગણી કરતાં જાટ લોકોએ હરિયાણા અને ઉત્તર ભારતમાં અનેક સ્થળો સ્થિતિ અસામાન્ય કરી નાંખી. જાહેર થયેલા નુકશાનના આંકડાઓ બતાવે છે કે ૩૪ હજાર કરોડનું નુકશાન પહોચ્યુ છે. સામાજિક નુકશાનના આંકડા ગણાતા નથી. નહિતર કુલ નુકશાનનો આંકડો કપાવી દેવો હોય.જ્યારે જ્યારે અનામત માટેના આંદોલનો થયા ત્યારે સરકાર માટે લોઢાના ચણા ચાવવા જેવો ઘાટ થયો છે.જ્યારે પણ અનામત અંગેનો આંદોલનો થયા ત્યારે શાસન કરતાં પક્ષની મુશ્કેલીઓ વધી છે.અને વિપક્ષોએ આંદોલનોનો ભરપુર લાભ મેળવ્યો છે.

જાટ અનામતની સહુ પ્રથમ વાત વસુંધરા રાજેએ રાજસ્થાન વિધાનસભાની ચુંટણીઓ દરમિયાન કરી હતી.તેનો તેમને લાભ મળ્યો અને જાટોએ તેમને ટેકો આપ્યો.તે પછી રાજસ્થાનમાં ગુર્જરોએ અનુસુચિત જનજાતિની શ્રેણીમાં અનામત માંગી,આંદોલન કર્યું.ગુજરાતમાં પાટીદારોનું આંદોલન થયું.ટુંકમાં રાજકીય રીતે અનામતનો ઉપયોગ મોટું નુકશાન કરશે.

મહારાષ્ટ્રમાં હવે લિંગાયત સમાજ પણ આંદોલન કરવાની કરાર પરછે.મરાઠા અને ધનગર સમાજે તો પહેલીથી જ અનામત માટે આક્રમક વલણ અપનાવ્યું છે. એ પૈકી મરાઠી સમાજને રાજ્ય સરકારે અનામત આપી હતી.પરંતુ એ બાબત કાયદાની આંટીઘુટીમાં ફસાયેલી છે.

સુપ્રીમ કોર્ટે આવી અનામતોની તરફેણ કરી નથી. પરિણામે સરકારો ગમે તેટલા વાયદાઓ કરે કે આશ્વાસનો આપે પરંતુ તેઓ તેમ કરી શકતા નથી. કાયદાની જોગવાઈઓ તેમને નડે છે.જો કે હવે નાના સમાજો પણ અનામત મળે માટે સક્રિય થઈ રહ્યા છે.અનામતની તરફેણ કરતી સરકારોએ હવે વધુ અવસરો પેદા કરવાની જરુરીયાત છે. જેથી અનામતની મુળ ભાવના રહે અને તેના કારણે ઉભી થતી મુશ્કેલીઓનો અંત આવે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

આદીવાસી સમુદાયના સમુત્કર્ષ માટે અંદાજપત્રમાં રૂા.૧૭૭૯.૪૩ની જોગવાઇ

પરંપરાગત આદિવાસી હાટ અને સંસ્કૃતિ સંવર્ધનથી રોજગારીને પ્રોત્સાહન

★૧૪,૦૦૦ આદિજાતી યુવક-યુવતીઓને વ્યવસાયિક તાલીમ આપવા તથા ધરમપુર ખાતે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરના નિર્માણ માટે રૂા.૧૧.૭૪ કરોડની જોગવાઇ

★વનબંધુ કલ્યાણ યોજના અંતગર્ત આદિજાતિના યુવક-યુવતીઓને રોજગારલક્ષી કૌશલ્ય તાલીમ :૪૧૬૨ યુવક-યુવતીઓને તાલીમબધ્ધ

★નોકરીઓમાં ભરતીની તકો પુરી પાડી રોજગાર સાથે જોડવાનો રાજય સરકારનો સ્તુત્ય પ્રયાસ : પ્રયોજના વિસ્તારમાં આદિજાતિના શિક્ષિત યુવક-યુવતીઓને ગૌણ સેવા ભરતી, સરકારી નોકરીઓ અને બેકીંગ રીક્રુટમેન્ટની સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગ વર્ગો : વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૨૫૪ યુવક-યુવતીઓને તાલીમ

★૮,૨૮૬ આદિજાતિ શિક્ષિત યુવક-યુવતીઓને પોલીસ તથા પેરામીલીટરી તાલીમ

★અનુસુચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોનું વેચાણ માટે યોગ્ય બજાર મળે અને આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે ૧૪ હાટ બજારો સ્થાપવાની યોજના મંજુર

★પીઠોરા પેઇન્ટીંગ, વાર્લી પેઇન્ટીંગના કલા વારસાને ઊજાગર કરવા તાલીમ અને સ્પર્ધાઓનું આયોજન : આ કલાશૈલીને વ્યવસાયિક સ્વરુપ આપી તેના સંવર્ધન માટે વિશેષ પ્રયાસો.

★આદિવાસી સંસ્કૃતિ અને કલા વારસાનું સંવર્ધન : વિશેષ કલા કારીગરી, હસ્તકલા અને નૃત્ય પરંપરાનો શહેરી વિસ્તારોમાં પ્રચાર-પ્રસાર થાય અને આદિવાસી કલાકારો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ થકી વ્યાપક રોજગારી મળી રહે તે હેતુથી વિશેષ ટ્રાયબલ ક્રાફ્ટ ટ્રેડ ફેરનું આયોજન

★રુ.૩.૧૩ કરોડની જોગવાઇ સાથે આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે ઝાલોદ,ઉચ્છલ,વાલોડ,બોડેલી,વાંસદા,મોટાપૌઢા, મહેસાણા, ઇડર,વાઘોડીયા તથા લુણાવાડા ખાતે ૧૦ નવા સરકારી કન્યા છાત્રાલયો શરુ થશે.

યોજનાકીય લાભો મેળવવા સંપર્ક કરો :
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,
બિરસા મુંડા ભવન,ગાંધીનગર
સબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી અને મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી.

“વનવાસી વિસ્તારો અને વનવાસી સમુદાયો સુધી વિકાસની નવતર આબોહવાનું નિર્માણ થયું છે, શિક્ષણ,રોજગારી,આર્થિક ઉન્નતિ અને સામાજિક ઉત્થાનની અનેકવિધ યોજનાઓ દ્વા આદિવાસી સમુદાય વિકાસની મુખ્ય ધારામાં આવ્યો છે. “

શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

જાહેર સંપત્તિનુ નુકશાન કરતાં લોકો સામે સુપ્રીમે લાલ આંખ કરી

ગુજરાત પાટીદાર અનામત આંદોલનના નેતા પર દેશદ્રોહના આરોપ મુકતી એફઆઈઆર રદ કરવાની માંગણીની અરજીમાં સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં જણાવ્યું હતું કે દેશમાં આંદોલનો દરમિયાન જાહેર સંપત્તિને થતાં નુકશાન,નુકશાન પહોચાડનારાઓ પાસેથી ભરપાઈ કરવાની માર્ગદર્શિકા અને જવાબદારી નક્કી કરવાના માપદંડો તૈયાર કરશે.આંદોલનો દરમિયાન દેશને બાનમાં લઈ શકાય નહી.

ન્યાયમુર્તિ જે.એસ.કહેરના નેતૃત્વવાળી બેન્ચે જણાવ્યુ હતું કે અમે આંદોલનો દરમિયાન જાહેર સંપત્તિને થતા નુકસાના મુદ્દે વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે.આંદોલનકારીઓ દેશ અથવા તો નાગરિકોની સંપત્તિને નુકશાન કરી શકે નહી. બેન્ચના ન્યાયાધીસ સી.નાગપ્પને જણાવ્યુ હતું કે અમે આ મામલે સંજ્ઞાન લઈશું અને આ પ્રકારના કૃત્યો આચરનારાઓ સામે પગલાંની માર્ગદર્શિકા પણ તૈયાર કરીશું. બેન્ચે જણાવ્યુ હતું કે દેશે જાણવું જોઈએ કે આ પ્રકારના હિંસક આંદોલનોના કેવા પરિણામો આવી શકે છે. આંદોલનો દરમિયાન કોઈ વ્યક્તિ દેશને બાનમાં લઈ શકે નહીં.પછી તે ભાજપ, કોગ્રેસ અથવા કોઈના પણ દ્વારા શરુ કરાયેલું આંદોલન કેમ ના હોય. તેમને ભાન કરાવવું જોઈએ કે સરકારી સંપત્તિને નુકશાન કરવા માટે તેમને જવાબદાર ઠેરવી શકાય છે.

તાજેતરમાં જાટ આંદોલનને કારણે હરિયાણામાં અનામતની માંગ સાથે સડકો પર ઉતરી આવેલા જાટ સમુદાયે જાહેર અને ખાનગી સંપત્તિઓની લુંટફાટ અને આગચંપી દ્વારા અબજોનું નુકશાન કર્યુ હતું.એસોચેમના દાવા પ્રમાણે જાટ આંદોલનને કારણે ઉત્તરભારતના રાજ્યોમાં વેપાર ઉદ્યોગને રુ.૩૪૦૦૦કરોડનું નુકશાન થયું હતુ.

મોબાઇલ કનેકશન માટે આધારકાર્ડ અનિવાર્ય બનાવવા માટે ટ્રાઇની સરકારને ભલામણ

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા(ટ્રાય)એ મોબાઈલ કનેકશન લેવા માટે પ્રમાણભુત દસ્તાવેજ તરીકે આધારકાર્ડને ફરજીયાત બનાવવા ડિપાર્ડમેન્ટ ઓફ ટેલીકોમ્યુનિકેશનને ભલામણ કરી છે. ટ્રાઈએ પોતાની ભલામણમાં કહ્યુ છે કે મોબાઈલ કનેકશનના કેવાયસી માટે આધારનંબરને અનિવાર્ય બનાવવામાં આવે. સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને આમ કરવું જરુરી છે.જો ટ્રાઈની આ ભલામણને સરકાર સ્વીકારી લેશે તો મોબાઈલ કનેકશન લેતી વખતે થી વેરીફીકેશન પ્રક્રિયા સરળ થઈ જશે. તેનાથી ટ્રેકીગ કરવાનું આ સરળ થશે જે સુરક્ષાની દષ્ટિએ ખુબજ મહત્વનું છે.

દુનિયાની સૌથી મોટી સડક બ્રાઝીલની ધ મારુ મીટલ એક્સિસ પરથી એક સામટી એકસો સાઈઠ(૧૬૦)મોટરો દોડે છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઈંચ જેટલો વધે છે.

ઈગ્લાંડમાં ત્રણ માંબાપો છ બાળકોની જોડીઓ ધરાવે છે.હાલમાં દુનિયામાં છ બાળકોના જોડકાંઓ હયાત છબેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

કેરળમાં સગીરા પર બળાત્કાર ગુજારનાર પાદરીની ત્રીશુર કોર્ટે ૪૦ વર્ષની સજા ફટકારી

કેરળમાં ત્રિશુરની એક કોર્ટે પીચીના સાલ્વેશન આર્મી ચર્ચના પાદરીને સગીરા પર બળાત્કાર ગુજારવા માટે દોષિત ઠરાવીને ૪૦ વર્ષના સશ્રમ કારાવાસની સજા કરી હતી. રાજ્યમાં એ પહેલો એવો કેસ છે કે જેમાં આટલી લાંબી સજા સંભળાવવામાં આવી હોય.જજ કે.પી.સુધીરે દોષિતને ૨૦,૦૦૦નો દંડ પણ કર્યો હતો. અને પીડીત બાળકીને વળતર કોશમાંથી ૩ લાખ રુપીયાની નાણાંકીય મદદ આપવાનો આદેશ કર્યો હતો.

આરોપી સાનિલ કે જેમ્સને આઇપીસીની કલમ ૨૭૬(૨) એફ અને પોક્સો એકટની કલમ ચાર,પાંચ અને છ અંતગર્ત દોષિત ઠેરવવામાં આવ્યો હતો.વિશેષ વકીલ પાયસ મેથ્યુએ જણાવ્યું હતું કે ૩૫ વર્ષીય પાદરીએ ૧૨ વર્ષની સગીરા પર એપ્રિલ ૨૦૧૪માં પોતાના ઘરમાં જ રેપ કર્યો હતો. તે સમયે સગીરા ૭માં ધોરણમાં અભ્યાસ કરતી હતી.બાળકી તેના ભાઈ-બહેન સાથે પાદરીના ઘેર હાજર હતા. બાળકી પર રેપ ગુજારવા માટે પાદરીએ બીજા બાળકોને ટીવીમાં મશગુલ કરી દીધા હતા. અને તે બાળકીને બીજા રુમમાં લઈ ગયો હતો અને રુમ બંધ કરીને અધમ કૃત્ય આચર્યું હતું.જજે ૨૦ વર્ષ આઇપીસી અને ૨૦ વર્ષ પોક્સો એકટ હેઠળ સજા સંભળાવી હતી.

ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

બનાવટી એન્કાઉન્ટર કેસના આરોપી ડી.જી.વણઝારાનો ગુજરાત પ્રવેશ પરનો પ્રતિબંધ મુંબઇ હાઇકોર્ટે હટાવ્યો

શોહરાબુદ્દીન કથિત બનાવટી એન્કાઉન્ટર કેસના આરોપી અને ગુજરાત પોલીસના ભુતપુર્વ પોલીસ અધિકારી ડી.જી.વણઝારાની જામીન અરજીમાં સુધારો કરીને મુંબઈ હાઇકોર્ટે તેમને ગુજરાતમાં પ્રવેશવાની પરવાનગી આપી હતી.ગુજરાત એન્ટી ટેરર સ્કવોડમાં હતા ત્યારે શોહરાબુદ્દીન શેખના કથિત બનાવટી એન્કાઉન્ટરમાં આરોપી વણઝારાને સપ્ટે. ૨૦૧૪માં આ કેસમાં હાઇકોર્ટે જામીન આપ્યા હતા.એ વખતે કોર્ટે એવી શરત મુકી હતી કે તેઓ મુંબઈમાં જ રહેશે અને સેશન્સ કોર્ટમાં સપ્તાહમાં ત્રણ વાર હાજરી પુરાવશે. પાસપોર્ટ પણ જમા કરાવશે અને કેસ સબંધી સાક્ષીકારો સાથે કોઇ સંપર્ક સાધવાનો પ્રયત્ન કરશે નહીં.ગયા વર્ષે વણઝારાએ હાઇકોર્ટમાં અરજી કરીને ગુજરાતમાં પ્રવેશવાથી અટકાયતી શરતમાં સુધારો કરવાની દાદ માંગી હતી કેમકે તેઓ હવે સેવામાંથી નિવૃત થયા છે.

અમેરિકન સાંસદોએ ભારતના વડાપ્રધાન મોદી પાસે ધાર્મિક હિંસા પર કાર્યવાહી કરવા અપીલ કરી

ભારતમાં ધાર્મિક અલ્પસંખ્યકો વિરુધ્ધ હિંસા પર ગંભીર ચિંતા વ્યક્ત કરાતાં ૩૪ ટોચના અમેરિકન સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં લઘુમતિઓના મુળભુત નાગરિકી અધિકારોનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવા હિમાયત કરી છે.તે ઉપરાંત કાયદાનો ભંગ કરનારાને ન્યાયના દાયરામાં લાવવા માટે કહ્યું છે.

વડાપ્રધાન ને લખેલા પત્રમાં અમેરિકન સાંસદો એ કહ્યુ કે અમે સરકાર પાસે એ સુનિશ્ચિત કરાવવા માટે તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરીએ છીએ. ધાર્મિક અલ્પસંખ્યકોના મુળ અધિકારોનું સંરક્ષણ કરવામાં આવે અને હિંસા કરનારાઓને જવાબદેહ ગણાવામાં આવે. આ સાંસદોમાં આઠ સેનેટરો સામેલ છે.

માહિતી અનુસાર ૨૫ ફેબ્રુઆરીના રોજ લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે ભારતના ઈસાઈ,મુસલમાન અને શીખ સમુદાય સાથે કરવામાં આવતા વર્તન અંગે વિશેષ ચિંતા થાય છે.

વેટીકનથી આવેલા ફાધર એડોલ્ફો નિકોલસનુ ગુજરાતમાં સ્વાગત

કેથોલીક સંપ્રદાયના મોવડીમાં સ્થાન ધરાવતા ફાધર એડોલ્ફો નિકોલસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે.ત્યારે તેમણે અમદાવાદની સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે મુલાકાત કરી હતી.વિદ્યાર્થીઓને મોટીવેશન કેવી રીતે પ્રાપ્ત કરવું અને જીવનમાં આગળ કેવી રીતે વધવું તે બાબતે જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

વેટિકનથી આવેલા ફાધર એડોલ્ફો નિકોલસનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું.તેઓ રોમન કેથોલિક સંપ્રદાયના ખુબ ઊંચા ગજાના પાદરી છે.કેથોલિક સંપ્રદાયના સૌથી મોટા ફાંટા સોસાયટી ઓફ જિસસના સુપિરીયર જનરલ છે.

ફાધર એડોલ્ફો નિકોલસ મુળ સ્પેનના વતની છે.તેઓની આયુ ૮૦ વર્ષની છે.તેઓ ૧૯૩૫થી આજસુધી કેથોલિક સંપ્રદાયની સાથે જોડાયેલા છે.તેમણે જાપાન સહિત અનેક સ્થળોએ ધર્મનો અભ્યાસ કર્યો છે.રોમમાં તેમણે થિયોલોજિકલ ડોકટરેટની ડીગ્રી પણ મેળવી છે.તેઓ દુનિયાની અનેક ભાષાઓ જાણે છે.તેઓ ગુજરાતમાં કલોલ,વડોદરાની પણ મુલાકાતે જનાર છે.

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.